Office for National Statistics
UNIVERSITY OF OXFORD
Department of Health & Social Care

**અભ્યાસ માટે ઈન્ટરવ્યૂ લેનાર (ઈંગ્લેન્ડ): 0800 085 6807**
**અભ્યાસ માટે ઈન્ટરવ્યૂ લેનાર (વેલ્સ): 0800 917 9323**
**અભ્યાસ માટે ઈન્ટરવ્યૂ લેનાર (નોર્ધન આયરલેન્ડ): 0800 917 5825**
**અભ્યાસ માટે ઈન્ટરવ્યૂ લેનાર (સ્કોટલેન્ડ): 0800 917 5824**

# કોવિડ-19 ઈન્ફેક્શન વિશેનો સર્વે

કોવિડ-19 ઈન્ફેક્શનો વિશેના રાષ્ટ્રવ્યાપી મોટામાં મોટા સર્વેમાં ભાગ લો. **તમારો ટેકો આ મહામારીનો સામનો કરવાના માર્ગદર્શનમાં અને સામાન્ય જીવન ફરી પાછું શરૂ કરવામાં મદદ કરશે.**

## આ સર્વે શેના વિશે છે?

- આ સર્વેનો હેતુ કેટલાં લોકોને કોવિડ-19 છે, ચિહ્નો સાથે કે ચિહ્નો વગર, તે જાણવાનો છે.
- જેમ વધુને વધુ લોકોને કોવિડ-19 સામે રસી મળવા લાગી છે અને હકીકતની દુનિયામાં રસીઓ કેટલી સારી રીતે કામ કરે છે તેની અમે દેખરેખ રાખવાનું શરૂ કર્યું છે તેથી કરીને આ ખાસ અગત્યનું છે.
- એપ્રિલ 2020થી, ઓફિસ ફોર નેશનલ સ્ટેટસ્ટિક્સ અને યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડ યુ.કે. સરકાર વતી એક સર્વે કરી રહ્યાં છે.

Llywodraeth Cymru
Welsh Government
HSC Health and Social Care
Scottish Government
Riaghaltas na h-Alba
gov.scot

**અભ્યાસનો સંક્ષેપ્ત** | કોવિડ-19 ઈન્ફેક્શન વિશેનો સર્વે | આવૃત્તિ 9.0 તારીખ: 22 જુલાઈ 2021 | ઍથિક્સ રેફરન્સ: 20/SC/0195
**IRAS** પ્રોજેક્ટ **ID:** 283248 | મુખ્ય તપાસ અધિકારી: પ્રોફેસર ઍન સેરાહ વૉકર

## મારે શા માટે ભાગ લેવો જોઈએ?

- કોવિડ-19 સામેની સતત ચાલુ લડતમાં મદદ કરવા માટે, કોવિડ-19 ઈન્ફેક્શન વિશેના સર્વેમાં પહેલેથી ભાગ લઈ રહેલાં હજારો લોકો સાથે જોડાવા માટે અમને તમારા જેવાં બીજાં હજારો લોકોની જરૂર છે.
- આ સર્વેમાં તમારા સંકળાવાથી તમારા વિસ્તારમાં કોવિડ-19 ઈન્ફેક્શનો વિશેનું ચિત્રણ તૈયાર કરવામાં અમને મદદ થશે. આનાથી સ્થાનિક રીતે આપવામાં આવતા પ્રતિસાદો સુયોગ્ય અને અસરકારક હોવાની ખાતરી કરવામાં મદદ મળશે.
- અમે માત્ર એ લોકોનો જ ટેસ્ટ નથી કરી રહ્યાં જેમને તાવ, ઉધરસ જેવા વાઈરસનાં ચિહ્નો હોય, કારણ કે અમને ખબર છે કે ક્યારેક લોકોને કોઈ ચિહ્નો વગર પણ વાઈરસનો ચેપ લાગી શકે છે.
- આ અભ્યાસમાં ભાગ લેવાની પસંદગી તમારી છે. તમે અમને જે કંઈ પણ માહિતી આપશો તે બધી કાયદા દ્વારા સુરક્ષિત રહેશે અને તેને ગુપ્ત રાખવામાં આવશે.
- સર્વેમાં ભાગ લેનાર દરેક તેઓ જ્યારે તે માટે લાયક બને ત્યારે કોવિડ-19ની રસી મેળવી શકે છે - અને કોવિડ-19 રસી મેળવી લીધેલ લોકો પણ સર્વેમાં ભાગ લઈ શકે છે.

## આ સર્વેમાં શું કરવાનું હોય છે?

- સર્વે ટીમના એક સભ્ય તમારા ઘરે આવશે અને ભાગ લેવા ઈચ્છતી 2 વર્ષથી વધુ ઉંમરની દરેક વ્યક્તિ વિશે કેટલાક પ્રશ્નો પૂછશે.
- તેઓ 12 વર્ષ અને તેથી વધુ ઉંમરનાં લોકોને ગળા અને નાકમાંથી સ્વૉબ જાતે કેવી રીતે લેવો તે બતાવશે. 2-11 વર્ષની ઉંમરનાં બાળકોનો સ્વૉબ લેવા માટે અમે તેમનાં માતાપિતા કે કેરરોને કહીશું. આ સ્વૉબ લાંબી લાકડી પર લગાવેલું પોચું સ્પોન્જ હોય છે અને તેમાં દુખાવો થતો નથી.
- સર્વે ટીમના સભ્ય તમારા ઘરની અંદર નહિ આવે, તેઓ પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપિમેન્ટ સાથે લાવશે અને તેઓ સામાજિક અંતર જાળવશે.

### તમે આના માટે મંજૂર થઈ શકો:

(A) માત્ર એક મુલાકાત માટે

(B) પહેલીવારની મુલાકાત અને એક મહિના માટે દર અઠવાડિયે એક મુલાકાત (કુલ 5 મુલાકાતો)

(C) પહેલીવારની મુલાકાત, એક મહિના સુધી દર અઠવાડિયે એક મુલાકાત, અને તે પછી સર્વે પૂરો થાય ત્યાં સુધી દર મહિને મુલાકાતો (ઓછામાં ઓછી કુલ 6 મુલાકાતો) હાલમાં, આ સર્વે એપ્રિલ 2022 સુધી ચલાવવામાં આવી રહ્યો છે. આ બદલાશે તો અમે તમને જણાવીશું.

▶ સ્વૉબ કેવી રીતે લેવો તે બતાવતો વિડીયો જોવા માટે, જુઓ **www.ndm.ox.ac.uk/covid-19/covid-19-infection-survey/video-guides**

**અભ્યાસનો સંક્ષેપ્ત** | કોવિડ-19 ઈન્ફેક્શન વિશેનો સર્વે | આવૃત્તિ 9.0 તારીખ: 22 જુલાઈ 2021 | એથિક્સ રેફરન્સ: 20/SC/0195
**IRAS** પ્રોજેક્ટ **ID**: 283248 | મુખ્ય તપાસ અધિકારી: પ્રોફેસર એન સેરાહ વૉકર

## હું કેવી રીતે ભાગ લઉં?

આમાં ભાગ લેવા માટે તમારે **બને તેટલું જલદી અમારી પાસે નામ નોંધાવવું પડશે:**

1. રજિસ્ટ્રેશન ટીમને આ નંબરો પર ફોન કરો **0800 085 6807 (ઈંગ્લેન્ડ), 0800 917 9323 (વેલ્સ), 0800 917 5825 (નોર્ધન આયરલેન્ડ), 0800 917 5824 (સ્કોટલેન્ડ).** જો તમે ટેલીફોન ન વાપરી શકતાં હો, દાખલા તરીકે સાંભળવાની કે બોલવાની નબળાઈને કારણે, તો તમે અહીં ઈમેઈલ કરી શકો છો **iqvia.covid19survey@nhs.net**

2. એક વાર તમે નામ નોંધાવી લો તે પછી, અમે ત્યારે જ તમારો સંપર્ક કરીશું જ્યારે તમારી સાથે નક્કી કરાયેલ મુલાકાતની આગલી સાંજે **સર્વે ટીમના સભ્ય તમારો સંપર્ક કરશે.**

   જો તે સમય તમને અનુકૂળ ન હોય તો તમે તે બદલી શકો છો. તમે નામ નોંધાવશો તે પછીના એક અઠવાડિયામાં અમે તમારો સંપર્ક કરવા પ્રયત્ન કરીશું.

3. અપોઈન્ટમેન્ટના દિવસે, **સર્વે ટીમના એક સભ્ય તમારા ઘરે** મુલાકાત પૂર્ણ કરવા માટે **આવશે.** સર્વે ટીમના સભ્યએ તમારા ઘરની અંદર આવવાની જરૂર નહિ પડે.

## ભાગ લેવા માટે મને શું મળશે?

- સર્વેમાં ભાગ લેનાર દરેક વ્યક્તિને તેમના પૂરી કરવામાં આવતી પહેલી મુલાકાત માટે £50નું વાઉચર મળશે.
- તે પછીની દરેક વધારાની મુલાકાત પૂરી કરવા બદલ તેમને £25નું વાઉચર મળશે.

ℹ પૂરી કરવામાં આવેલી મુલાકાતો માટે જ વાઉચરો આપવામાં આવશે. જો સર્વે અટકાવી દેવામાં આવશે, અથવા તમે તેમાંથી બહાર નીકળી જશો, તો નહિ થયેલી મુલાકાતો માટેના વાઉચરો તમને મળશે નહિ.

## મારી વિગતોનું શુ થશે?

- તમે અમને જે કંઈ પણ માહિતી આપશો તે બધી કાયદા દ્વારા સુરક્ષિત રહે છે અને તેને ગુપ્ત રાખવામાં આવે છે.
- તમામ નમૂના ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સ અને યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડ વતી લેવામાં આવી રહ્યાં છે.
- આ નમૂનાઓની બધી જ ચકાસણી યૂનિવર્સિટી ઓફ ઓક્સફર્ડ અને નેશનલ લાઈટહાઉસ લેબોરેટરીઝ દ્વારા કરવામાં આવી રહી છે.
- તમે પૂરા કરેલા બધા ટેસ્ટનાં પરિણામો તમને જણાવવામાં આવશે.
- આ સર્વે ચલાવવામાં સંકળાયેલી કંપનીઓ આ સર્વેના હેતુસર જ તમારી માહિતીનો ઉપયોગ કરશે - તમારી વિગત માહિતીનું શું થશે તેની સંપૂર્ણ વિગતો માટે કૃપા કરીને ભાગ લેનારાંઓની માહિતી માટેની પત્રિકા જુઓ.
- તેનાં પરિણામોની વહેંચણી ચાલુ થઈ ગઈ છે જેથી અમને શું જાણવા મળી રહ્યું છે તેની દરેક જણને ખબર રહે **(www.ndm.ox.ac.uk/covid-19/covid-19-infection-survey/results).** આમાંથી કોઈ પણ માહિતીથી તમારી કે તમારા કુટુંબીજનોની ઓળખ થતી નથી.

# વધુ માહિતી અને ઉપયોગી વેબસાઈટોઃ

સ્વૉબ કેવી રીતે લેવો તે બતાવતો વિડીયો જોવા માટે, જુઓ **www.ndm.ox.ac.uk/covid-19/covid-19-infection-survey/video-guides**

આ સંક્ષેપ્ત સારનાં તેમજ સર્વેની બીજી માહિતીનાં કેટલાંક ભાષાંતરો અહીંથી ઉપલબ્ધ છ **www.ons.gov.uk/cis/languages**

વધારે જાણકારી મેળવવા માટે આ પત્રિકાની સાથે આવેલી ભાગ લેનારાંઓ માટેની વિગતવાર માહિતી આપતી પત્રિકા જુઓ, અથવા અહીં મુલાકાત લો **www.ons.gov.uk/cis**

**આ પત્રિકામાં ઉઠાવવામાં આવેલ કોઈપણ મુદ્દાની તમને અસર થઈ હોય અથવા કોવિડ-19 વિશે માહિતી શોધી રહ્યાં હો, તો કૃપા કરીને જુઓઃ**

- કોરોનાવાઈરસની સમજૂતીઃ **coronavirusexplained.ukri.org/en/**
- સરકારની માર્ગદર્શિકાઓઃ **www.gov.uk/coronavirus** (ઈંગ્લેન્ડ), **www.gov.wales/coronavirus (વેલ્સ)**, **www.nidirect.gov.uk/campaigns/coronavirus-covid-19 (નોર્ધન આયરલેન્ડ)**, **www.gov.scot/collections/coronavirus-covid-19-guidance/ (સ્કૉટલેન્ડ)**
- NHS સલાહઃ **www.nhs.uk/conditions/coronavirus-covid-19/ (ઈંગ્લેન્ડ)**, **www.gov.wales/coronavirus (વેલ્સ)**, **www.nidirect.gov.uk/articles/coronavirus-covid-19-overview-and-advice (નોર્ધન આયરલેન્ડ)**, **www.nhsinform.scot/illnesses-and-conditions/infections-and-poisoning/coronavirus-covid-19 (સ્કૉટલેન્ડ)**
- Samaritans - દરેક જણ માટે લાગણીશીલ ટેકોઃ **www.samaritans.org**
- Mind - માનસિક આરોગ્યની તકલીફ ધરાવનાર કોઈ પણ વ્યક્તિ માટે સલાહ અને ટેકો: **www.mind.org.uk**